# Directorate of Accounts & Treasuries

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

"વિમા અને લેખા ભવન",
બ્લોક નં. – ૧૭/૨, જુના સચીવાલય,
ડો. જીવરાજ મહેતા ભવન સંકુલ,
ગાંધીનગર – ૩૮૨ ૦૧૦.

(EDP CELL)
"Vima & Lekha Bhavan",
Block No. – 17/2, Old Sachivalay,
Dr. Jivaraj Mehta Bhavan Complex,
Gandhinagar – 382 010.

Fax. (079) 232 57867 Ph. (079) 232 56345 E Mail – jtdiredp-dat@gujarat.gov.in

નં. હિતિનિ/ઇડીપી/૧૦૦૧/03/નગરપાલિકા/ 646570 તા. /૧૨/૨૦૧૧
તા. 09/01/2012.

વિષયઃ- નગરપાલિકાઓને કાર્ડેક્ષ નંબર ફાળવવા બાબત.

સંદર્ભઃ- (૧) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ- તજર-૧૦૨૦૦૭-૧૧૪૧-ઝ તા. 03-૧૧-૨૦૦૭.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- પગર/૧૨૨૦૦૯/૧૧૨૭/આર તા. 03-૦૯-૨૦૧૦.

## પરિપત્રઃ-

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સંદર્ભ દર્શિત ૨ના ઠરાવ મુજબ રાજ્યની વિવિધ નગરપાલિકાઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવાનું ઠરાવવમાં આવેલ છે. નગરપાલિકાઓમાં ફરજ બજાવતાં કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ અન્વયે પગાર બાંધણી કરવા માટે I F M S અંતર્ગત જરૂરી Login ID તથા Passward ઇડીપી સેલની કચેરી ખાતેથી મેળવવાના રહે છે. જે માટે નગરપાલિકા કચેરીઓને કાર્ડેક્ષ નંબર ફાળવેલ હોવો જરૂરી છે.

નગર પાલિકા કચેરીઓમાં પ્રતિનિયુક્તિ ઉપર ફરજ બજાવતા સરકારી અધિકારી/કર્મચારીઓના સામાન્ય ભવિષ્ય નિધિ તથા વિવિધ પેશગીના ઉપાડ માટે, નાણાં વિભાગના સંદર્ભ દર્શિત ૧ના ઠરાવ મુજબ આવી કચેરીઓને અલગ ઉપાડ અધિકારીનો કોડ ફાળવવાનો રહેતો નથી. પરંતુ રકમ મંજુર કરનાર સત્તાધિકારીનો ઉપાડ અધિકારીનો કોડ બીલમાં દર્શાવવાનો રહે છે. જ્યારે તિજોરી કચેરીએ નગરપાલિકાને ફક્ત કાર્ડેક્ષ નંબર ફાળવવાનો રહે છે.

તેથી છઠ્ઠા પગાર પંચ અન્વયે I F M S અંતર્ગત પગાર બાંધણી કરવા માટે નગરપાલિકા કચેરી તરફથી કાર્ડેક્ષ નંબર ફાળવવાની દરખાસ્ત મળે ત્યારે, જે નગરપાલિકાને કાર્ડેક્ષ નંબર ફાળવેલ ન હોય તેવી નગરપાલિકા કચેરીઓને ઇડીપી સેલની કચેરી ખાતેથી જરૂરી Login ID તથા Passward મેળવવા તિજોરી કચેરી ખાતેથી ફક્ત કાર્ડેક્ષ નંબર ફાળવવાનો રહેશે. અને તે અંગેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે,

આવા કિસ્સામાં હાલ પુરતું નગરપાલિકાઓને કાર્ડેક્ષ નંબર ફાળવવા સાથે અવર જવર પુસ્તિકા કે ઓળખ કાર્ડ ફાળવવાના રહેશે નહી. અને કાર્ડેક્ષ રજીસ્ટરમાં જે તે ડી.ડી.ઓ સામે ફક્ત છઠ્ઠા પગાર પંચ અન્વયે પગાર બાંધણી માટે કાર્ડેક્ષ નંબર ફાળવવમાં આવેલ છે. તેવી નોંધ કરવાની રહેશે.

સંયુક્ત નિયામક

નકલ રવાનાઃ-

(૧) શ્રેયાન તિજોરી અધિકારીશ્રી/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી _______________ (તમામ)

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબ અધિકારીની કચેરી, અમદાવાદ/ગાંધીનગર.

(3) સંયુક્ત નિયામકશ્રી(તિજોરી નિયંત્રણ), હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂં.